**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૫ ટકા

# વાવોલ વિસ્તારમાં બિસ્માર રસ્તાઓથી વાહનચાલકો પરેશાન

## આરસીસી રોડ હોય કે ડામર રોડ તમામની હાલત અત્યંત બદતર : ચોમાસામાં વાવોલ 'ખાબોચિયાંનગર' બની જશે તેવી દહેશત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં હજુ પણ પાયાની સુવિધાઓ પ્રત્યે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં હજુ પણ પાયાની સુવિધાઓ જેવી કે રોડ રસ્તા વીજળી પાણી વગેરે માટે જેવી કે રોડ રસ્તા, વીજળી, પાણી વગેરેની સમસ્યાઓથી આ વિસ્તારના રહીશો પરેશાની ભોગવી રહ્યાં છે. વાવોલના જામતો સોસાયટી વિસ્તારમાં અને મુખ્ય રસ્તાઓ બદતર હાલતમાં જોવા મળી રહ્યાં છે તેમજ વાવોલના જામતો સોસાયટી વિસ્તારમાં અને મુખ્ય રસ્તાઓ બિસમાર હાલતમાં જોવા મળી રહ્યાં છે તેમજ વરસાદી ઋતુમાં પાણી ભરાવાની સમસ્યા પણ દર વર્ષે સર્જાતી હોવાથી આગામી ચોમાસાને વરસાદી ઋતુમાં પાણી ભરાવાની સમસ્યા પણ દર વર્ષે સર્જાતી હોવાથી આગામી ચોમાસામાં વાવોલ 'ખાબોચિયાંનગર' બની જશે તેવી દહેશતથી વસાહતીઓ ચિંતિત બન્યાં છે.

વાવોલ-કોલવડા ચોકડીથી કિર્તિધામ સોસાયટી તરફના માર્ગ પર શાલીન-૪ એપાર્ટમેન્ટ પાસે જ્યાં આરસીસી રોડને ડામર રોડ નું મિલન થાય છે તે સ્થળે શરુઆતથી જ યોગ્ય સાંધો બનાવાયેલા હોવાથી એપાર્ટમેન્ટ પાસે જ્યાં આરસીસી રોડને ડામર રોડ નું મિલન થાય છે તે સ્થળે શરૂઆતથી જ યોગ્ય રીતે સાંધો બનાવાયો ના હોવાથી વાહનચાલકોને તકલીફ પડી રહી છે તેમાં પણ અત્યારે આ સંબંધો તૂટી જવાથી સર્જાયેલા ખાડાને કારણે વાહનચાલકોને તકલીફ પડી રહી છે તેમાં પણ અત્યારે આ સાંધો તૂટી જવાથી સર્જાયેલા ખાડાઓને કારણે આગામી વરસાદના સમયમાં વધુ મુશ્કેલી નડશે તેના પહેલાં સ્પષ્ટ વર્તાય છે આગામી વરસાદના સમયમાં દર વર્ષની જેમ દર વર્ષની જેમ વધુ મુશ્કેલી નડશે તેના એંધાણ સ્પષ્ટ વર્તાય છે. આ ઉપરાંત વાવોલના આ ઉપરાંત વાવોલના



'ક' માર્ગના એક્સ્ટેન્શન રોડ પરથી એમ્બી પટેલ હાઈસ્કૂલ આગળ થઈને ગામમાં જવાનો રસ્તો પણ માર્ગના એક્સ્ટેન્શન રોડ પર શાલીન-૨ સોસાયટી પાસેથી એમ.બી. પટેલ હાઈસ્કૂલ આગળ થઈને ગામમાં જવાનો ઢાળવાળો રસ્તો પણ અત્યંત બિસ્માર હાલતમાં છે અને આ માર્ગ ઉપર બનાવેલા આરસીસી રોડની કપચી પથ્થરો બહાર આવી જવાથી ટુ વ્હીલર ચાલક અત્યંત બિસ્માર હાલતમાં છે અને આ માર્ગ ઉપર બનાવેલા આરસીસી રોડની કપચી પથ્થરો બહાર આવી જવાથી ટુ વ્હીલર ચાલકોને સ્લીપ થઈ જવાનો ડર સતાવી રહ્યો છે સ્લીપ થઈ જવાનો ડર સતાવી રહ્યો છે. ગામમાં ઈન્દિરા કોમ્પ્લેક્ષથી વાવોલ-કોલવડા ચોકડીને જોડતો ગ્રીનસીટી સોસાયટી નો બાજુમાંથી પસાર થતો આરસીસી રોડ પણ જોડતો ગ્રીનસીટી સોસાયટીની બાજુમાંથી પસાર થતો આરસીસી રોડ પણ ખરાબ રીતે તૂટી જવા પામી છે અને ઠેર ઠેર ખાડાઓ સર્જાયા હોવાથી વરસાદી પાણીનો ભરાવો થાય છે ખરાબ રીતે તૂટી જવા પામી છે અને ઠેર ઠેર ખાડાઓ સર્જાયા હોવાથી વરસાદી પાણીનો ભરાવો થવાની શક્યતા છે જેના કારણે રાત્રિના સમયે ક્યાંથી પસાર થવું ભયજનક બની જાય થવાની શક્યતા છે જેના કારણે રાત્રિના સમયે ક્યાંથી પસાર થવું ભયજનક બની જશે તેવી ભીતિ સતાવી રહી છે તેવી ભીતિ સતાવી રહી છે. આ ઉપરાંત વાવોલ બજારમાંથી પ્રાથમિક શાળા તરફ જતો રસ્તો આ ઉપરાંત વાવોલ બજારમાંથી સરકારી પ્રાથમિક શાળા થઈને કિર્તિધામ તરફ જતો રસ્તો લાંબા સમયથી તૂટી ગયેલો છે અને આ જગ્યાએ વગર ચોમાસે પણ હંમેશાં નાનાં મોટાં ખાબોચિયાં ભરાયેલાં જ હોય છે લાંબા સમયથી તૂટી ગયેલો છે અને આ જગ્યાએ વગર ચોમાસે પણ હંમેશાં નાનાં મોટાં ખાબોચિયાં ભરાયેલાં જ હોય છે. વાવોલના બિસ્માર રસ્તાઓને કારણે સમગ્ર વિસ્તારમાં વાહન ચાલકો સહિત તમામ નાગરિકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે ત્યારે સત્વરે વાવોલના બિસ્માર રસ્તાઓને કારણે સમગ્ર વિસ્તારમાં વાહન ચાલકો સહિત તમામ નાગરિકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે ત્યારે સત્વરે વાવોલના રસ્તાઓનું નવીનીકરણ કરાય તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે વાવોલના રસ્તાઓનું નવીનીકરણ કરાય તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.

## બીબીએ કોલેજ દ્વારા વર્કશોપનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કોલેજમાં 'લર્નિંગ પ્રોબ્લેમ સોલ્વીંગ વિથ ક્રીટીલ થિંકિંગ' વિષય પર વર્કશોપ યોજાયો હતો. સ્વસ્તિ મેડમ દ્વારા વિદ્યાર્થીઓને વર્કશોપના વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને પ્રોબ્લેમના સોલ્યુશન માટે પહેલા તેના લક્ષણોને સમજો ત્યારબાદ તેનું નિદાન કરવું અને નિદાન થયા બાદ તેનો ઉપચાર કરવો અને ઉપચાર બાદ ફરી આવી સમસ્યા ન થાય તે માટે શું ધ્યાનમાં રાખવું તે બાબતે યોગ્ય સાવધાનીઓ રાખવી વગેરે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. જયેશ તન્ના (ઉપાચાર્ય) દ્વારા વિષય અંગેની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ડૉ. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના, ડૉ. આશિષ ભુવા, ડૉ. અમિતા પ્રજાપતિ, ડૉ. માર્ગી દેસાઈ, ડૉ પ્રજ્ઞેશ નવલખા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતાપૂર્વક યોજાયો હતો.

## ઉવારસદ ચીકાપરામાંથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો ઉવારસદ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમય દરમિયાન હેડ કોન્સ્ટેબલ અનિલસિંહ દિલિપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ઉવારસદ ચીકાપરા વિસ્તારમાં મહાકાળી માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા જોયુ તો કેટલાક શખ્સો કંડાળુ વળીને કેટલાક શખ્સો જુગાર રમતા હતા. જેમાં પોલીસના હાથે પ્રતાપજી જુહાજી ઠાકોર, ખોડાજી ગાભાજી ઠાકોર, ઉમેદજી આતાજી ઠાકોર, દશરથજી નેનાજી ઠાકોર (તમામ રહે. ચીકાપુરા ઉવારસદ), રાણાજી કરશનજી ઠાકોર નો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પર દાવ પરથી રૂ.૧૭૩૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૧૦૬૦ મળી કુલ રૂ. ૧૨,૭૯૦ નો મુદ્દામાલ કબ્જે પાંચેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



શહેરના ગોકુળપુરામાં ગોગામહારાજની રમેલ યોજાઈ હતી. જેમાં માલધારી રબારી અને ભરવાડ સમાજ બંનેએ સાથે મળીને આયોજન કરી સામાજિક સમરસતાનું ઉદાહરણ પુરું પાડ્યું હતું. સામાન્ય રીથે દર વર્ષે ચૈત્ર મહિનામાં યોજાતી રમેલ આ વખતે કોરોના મહામારીના લીધે મોડી યોજાઈ હતી. આજની રમેલમાં ગોકુળપુરાના ગોગા મહારાજ મંદિરના પુજારી ભૂવાજી વાઘુભાઈ રબારી અને ગામના દરેક ભૂવાજી તથા તમામ ગ્રામજનો હાજર રહી દર્શનનો અને ભક્તિ કાર્યક્રમનો લાભ લીધો હતો તેમ સમાપને પ્રસાદ ભોજન ગ્રહણ કર્યુ હતું.

## કર્મચારીઓને રોકી રાખેલ મોંઘવારી ભથ્થું આપવા ગુજરાત પેન્શનર હિતરક્ષક સમિતિની માંગ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત પેન્શનર હિતરક્ષક સમિતિ દ્વારા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને કોરોના મહામારીને કારણે સરકારે રોકી રાખેલ મોંઘવારી ભથ્થું સત્વરે આપવા માંગ કરવામાં આવી છે કોરોના મહામારીને કારણે સરકારે રોકી રાખેલ મોંઘવારી ભથ્થું સત્વરે આપવા માંગ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારના કર્મચારીઓને દર વર્ષે વધતી મોંઘવારીને અનુલક્ષીને મોંઘવારી ભથ્થાની જાહેરાત કરવામાં આવે છે પરંતુ છેલ્લા દોઢ વર્ષથી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાને કોરોનાની મહામારીના બહાના હેઠળ સ્થગિત કરવામાં આવ્યું છે તેથી તેની જાહેરાત કરવામાં આવી નથી. આ ઉપરાંત અગાઉ જાહેરાત કરેલા મોંઘવારી ભથ્થાની એરીયર્સની રકમના ત્રણ હપ્તા પણ ચુકવવાના બાકી છે. રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના એક વર્ષના ચડેલા હપ્તાઓની જાહેરાત કરવામાં આવે તથા એરીયર્સની બાકી રકમ સત્વરે ચુકવવા માટે ગુજરાત પેન્શનર હિતરક્ષક સમિતિ દ્વારા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ સમક્ષ માંગ કરવામાં આવી છે ગુજરાત પેન્શનર હિતરક્ષક સમિતિ વતી સમિતિના કન્વીનર કેશરીસિંહ બિહોલા દ્વારા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને વિનંતી કરવામાં આવી છે

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા કાલિદાસ દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા 'આષાઢસ્ય પ્રથમ દિવસે' વિષય ઉપર ગાંધીનગરના સંસ્કૃતનાં મૂર્ધન્ય વિદુષી ડૉ. યોગિનીબહેન વ્યાસનું વ્યાખ્યાન ઝૂમ માધ્યમથી રાખવામાં આવ્યું હતું. કાલિદાસની વિવિધ કૃતિઓનું રસદર્શન અને કાલિદાસની શૈલીની આગવી વિશિષ્ટતાની વાત યોગિનીબહેને સુંદર રીતે રજૂ કરી હતી. લયબદ્ધ તથા છંદોબદ્ધ શ્લોકગાન કરીને તેમણે મેઘદૂતના કથાનકને



ભાવકો સમક્ષ ખડું કરી દીધું હતું. કાર્યક્રમના અધ્યક્ષ અને યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહે અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું હતું કે, સંસ્કાર, સંસ્કૃતિ અને સંસ્કૃતનો અવિનાભાવ સંબંધ છે. પ્રત્યેક ભારતીયએ સંસ્કૃત સાહિત્યનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ અને સંસ્કૃત શિક્ષકો તથા અધ્યાપકોએ સંસ્કૃત ભાષાને સંભાષણ દ્વારા આત્મસાત્ કરીને સંસ્કૃત માધ્યમથી જ સંસ્કૃત ભણાવવું જોઈએ.

કાર્યક્રમમાં સ્વાગત ઉદ્બોધન તથા અતિથિ પરિચય વિભાગાધ્યક્ષ ડૉ. રાકેશ પટેલે કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત અધ્યાપિકા ડૉ.ભૈરવીબહેન દીક્ષિતે કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ અને વિભાગની પ્રવૃત્તિઓનો ચિતાર સંસ્કૃત અધ્યાપક ડૉ. જય ઓઝાએ આપ્યો હતો.



જૂન માસમાં આવેલા વાવાઝોડા બાદ ઘણા સ્થળોએ વૃક્ષોના ડાળાઓ નમી પડયા અને જોખમરૂપ બન્યા છે. ઘ-દોઢ નજીક ઝાડ પડી જતાં ફેન્સીંગ તુટી ગયું છે. આવા અનેક વૃક્ષો શહેરમાં પડી ગયા છે જેને દૂર કરવા જરુરી છે.

## એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટના આખરી વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટુડીસ દ્વારા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં ઓનલાઈન વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરજે મિતની ઉપસ્થિતિ કાર્યક્રમનું આગવું આકર્ષણ બની હતી. શરૂઆત સંસ્થાના ડીન ડો ભાવિન પંડ્યાએ વિદાય થતા વિદ્યાર્થી ઓ ની સિદ્ધિઓને બિરદાવી તેમજ તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં વિવિધ મનોરંજક રમતો સાથે શૈક્ષણિક તેમજ ઈત્તરપ્રવૃતિમાં વિશેષ યોગદાન બદલ એવોર્ડ પુરસ્કૃત કરાયા હતા. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ પણ સંસ્થા તેમજ વિદાય થનારા વિદ્યાર્થીઓએ પણ સંસ્થા તેમજ તેમના અધ્યાપકોનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ સંચાલન કર્યું હતું.

## જન્મદિને વધામણી



જયેશભાઈ બ્રહ્મભટ્ટ



વિપુલકુમાર એચ સોની
મો. ૯૮૯૮૦ ૪૭૫૬૯



ધ્યાની ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪



દીપક એમ પરમાર
મો. ૯૯૨૪૪ ૮૯૬૯૫



જિજ્ઞાસા રાવલ
મો. ૯૮૨૫૫ ૯૯૭૦૯



સંસ્કૃતિ રાવલ

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ માં 'શો એન્ડ ટેલ' એક્ટિવિટી યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

બાળકોના અંદર છુપાયેલી પ્રતિભાને તથા કૌશલ્યને બહાર લાવવા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા 'શો એન્ડ ટેલ' એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ-અલગ ધોરણો પ્રમાણે બાળકોને અલગ- અલગ વિષયો આપવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ પ્રિય રમકડું, પ્રિય પ્રાણી , ફેમિલી ટ્રીપ, ફેમિલી રેસીપી, જીમ્નાસ્ટીક, વાજિંત્ર વાદન તથા રમત ગમત ને લગતી કોઈપણ પ્રવૃત્તિ કરવાની હતી. અને તેની પર સ્પીચ આપવાની હતી. જેમાં બાળકોએ પૂરી તૈયારી સાથે અને પૂરા ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં વાલીઓનો પણ ખૂબ જ સહકાર સાંપડ્યો હતો. આ એક્ટિવિટી માટે બધા જ ભાગ લેનાર બાળકોને ઈ-સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. અને બાળકોમાં છુપાયેલ અલગ-અલગ પ્રકારના હુન્નર તથા કૌશલ્યને ઓળખી શક્યા હતા. શાળા પરિવારે બાળકોને તથા તેમની કલાને બિરદાવ્યા હતા.

## 'ગુજરાત ગૌરવ યુવા પુરસ્કાર' કુ. રિન્કુ રાઠોડને એનાયત થશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સચિવાલય ખાતે નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજ બજાવતા વિખ્યાત કવિયત્રી કુ. રિન્કુબેન વજેસિંહ રાઠોડને ગુજરાતી સાહિત્યનું શ્રેષ્ઠ સન્માન યુવા ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. જે ગૌરવની ઘટના છે. સૌથી નાની ઉંમરે કોઈ મહિલા સર્જકને આ સન્માનથી નવાજવામાં આવ્યા હોય એ ગુજરાતના ઈતિહાસની પહેલી ઘટના છે. રિન્કુ રાઠોડ 'શર્વરી' ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય છે. તેમને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ અને મહામંત્રી રમેશ ઠક્કર સહિત સમગ્ર કારોબારીએ દિલથી



શુભેચ્છાઓ પાઠવી છે.

રિન્કુ રાઠોડે દાહોદ જિલ્લો કે જેમાં મહિલા શિક્ષણનું પ્રમાણ સૌથી ઓછું છે એ જ જિલ્લાના ગામમાં ખેડૂત પરિવારમાં જન્મેલી આ દીકરીએ અનોખી સિદ્ધિ મેળવી છે. તેમનું શિક્ષણ ગામની શાળામાં થયું છે. મોટાભાગનું શિક્ષણ તેમણે એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે કર્યું પૂરું કર્યું છે. ગામડામાં રહી આ અનોખી સિદ્ધિ મેળવવી એ નાની સૂની વાત નથી. તેઓ ખેતરમાં કામ કરી જાણે છે અને કલમની કમાલ પણ કરે છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. સોલંકી તખતસિંહ શીવસિંહ, ઉ.વ. ૮૦, દોલતાબાદ, તલોદ
- સ્વ. ઠાકોર રામુબેન પરતાપજી, ઉ.વ. ૬૦, બોરીજ

## કિશોરીઓ માટે માસિક સ્ત્રાવ દરમિયાન સ્વચ્છતાનું મહત્વ વિષયે પરિસંવાદ યોજાયો

### પરિસંવાદ બાદ કિશોરીઓને લગતા રોગો માટે આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પ યોજાયો અને ઔષધિય રોપાનું વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ખાતેની આયુષ કચેરી તેમજ જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા સંચાલિત આયુષ ગ્રામ પ્રકલ્પ- સાદરા- દોલારાણા વાસણા- રાજપુરગામ અન્વયે કિશોરીઓ માટે માસિક સ્ત્રાવ દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતાનું મહત્વ વિષય પર સાદરાના પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર ખાતે પરિસંવાદ તેમજ આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે બાયોલોજીકલ સંશોધન વિભાગના અધ્યક્ષ શ્રીનિવાસન મૂર્તિ, પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસ ઠાકર, સાદરા વિદ્યાપીઠના મેડિકલ ઓફિસર ડૉ.નૈનેશભાઈ વસાવા, ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર એન્ડ મેનેજિંગ રેખાબેન અધ્વર્યુ તેમજ પરિસંવાદના પ્રમુખ વક્તા તરીકે સાબરકાંઠાના મોહનપુરાના



સરકારી આયુર્વેદ દવાખાનાના મેડિકલ ઓફિસર વૈદ્ય પૂજાબેન વીહરિયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં વૈદ્ય પૂજાબેન વિહરિયાએ કિશોરીઓ સુધી સાચી સમજ પહોંચે તથા તેના દ્વારા દેશનું ભવિષ્ય સુધારી શકાય તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. ઉત્તર ચેરીટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર અને મેનેજિંગ ટ્રસ્ટી રેખાબેન અધ્વર્યુએ કિશોરીઓ સાથે હળવી રમત રમી સેનેટરી પેડની ઉપયોગીતા વિશે તેમજ વાપરેલા પેડના નિકાલ અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તેમણે કિશોરીઓને સારા અને ખરાબ સ્પર્શ વિશે સમજ આપી વ્યક્તિગત રક્ષણ માટે પ્રોત્સાહન આપ્યું હતું. કિશોરીઓને કેળાની છાલમાંથી બનાવેલા મુગ્ધા સેનેટરી પેડનું નિઃશુલ્ક વિતરણ કરી વ્યક્તિગત સ્વચ્છતા અને સ્વાસ્થ્ય માટે પ્રોત્સાહિત કરી હતી. પરિસંવાદ બાદ કિશોરીઓને લગતા રોગો માટે આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં ૨૨ જેટલી કિશોરીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે કિશોરીઓ અને ઉપસ્થિત અતિથિ વિશેષના હસ્તે શિગ્રુ, તુલસી, નગોડ, અરડૂસી જેવા ઔષધિય રોપાથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.